જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧૨/૨૦૧૫ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૪૩૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી ૩૨૭ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૩૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૩૪/૧૫**

**શાહપુર :** જહિરૂનીશા બીબાલઅહેમદ શેખ (રહે.નનુશેઠની ચાલી, પાંજરાપોળની બાજુમાં જુના ટોરેન્ટ પાવર પાછળ શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧૨/૧૫ ના કલાક ૪/૧૫ વાગ્યાના સુમારે ઘરેથી ઓરીએન્ટલ સ્કુલ સુધીનાં રસ્તામાંથી પોતાની પુત્રી શબાબાનુ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૩૫/૧૫**

**સોલા હાઇકોર્ટ :** તુષારભાઇ ભરતભાઇ પ્રજાપતિ (રહે.વૃદાવન બંગ્લોઝ, વિભાગ-૧, થલતેજ શીલજ રોડ, થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૨/૧૫ ના કલાક ૪/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે થલતેજ ગુલાબ ટાવર રઘુકુળ બંગ્લોઝ નંબર- ૭ નાં દરવાજાનું તાળુ તોડી, અજાણ્યા ત્રણ ચડ્ડી-બંડી ધારી પુરૂષ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના આશરે કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**પાણી ભરેલ ડોલમાં ડુબી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૪૩૬/૧૫**

**એલીસબ્રીજ :** સોનાક્ષી શંભુપ્રસાદ પંડીત (ઉ.વ.દોઢ વર્ષ)(રહે.સન્યાસ આશ્રમની બાજુમાં, બહેરામુંગા સ્કુલમાં, એલીસબ્રીજ) તા.૩/૧૨/૧૫ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે સન્યાસ આશ્રમની બાજુમાં આવેલ બહેરામુંગાની સ્કુલમાં રમતાં-રમતાં પાણી ભરેલ ડોલમાં પડી જતાં, પાણી પી જતાં, સારવાર અર્થે તેને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૦/૫૦ વાગે તેનું મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરપતભાઇ રમણભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૨૪૩૭/૧૫**

**રીવરફ્રન્ટ વેસ્ટ :** મીત ભગવતીપ્રસાદ શર્મા (ઉ.વ.૧૯)(રહે.મીત જનરલ સ્ટોર્સ, મોની હોટલનાં ખાંચામાં, ઇસનપુર) એ માનશીક બીમારીથી હતાશ થઇ તા.૩/૧૨/૧૫ સવારનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી નદીનાં પશ્ચીમ તરફનાં વોક વે પોઇન્ટ નંબર-૩ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઇ વજશીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)